# SYNOPSIS

A synopsis of the thesis to be submitted for Ph.D. Degree in Gujarati at The Maharaja Sayajirao University of Baroda, Vadodara

ધ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા, વડોદરા. ગુજરાતી વિષયમાં પીએચ.ડી. ની પદવી માટે રજૂ થનાર શોધનિબંધની રૂપરેખા.

**પીએચ. ડી. માટેનો વિષય :**

"A Critical study of Gujarati Dalit short stories: With Special Reference to B. N. Vankar, Dharamabhai Srimali, Dasharath Parmar and Sanjay Chauhan.

"ગુજરાતી દલિત ટૂંકી વાર્તાનો સમીક્ષાત્મક અભ્યાસ : ભી. ન. વણકર, ધરમાભાઈ શ્રીમાળી, દશરથ પરમાર અને સંજય ચૌહાણના વિશેષ સંદર્ભે"

Guide :

Dr. Kantilal Malsatar

સંશોધક :

Jayantilal Kalyanji Umrethiya

CS Scanned with CamScanner

# ભૂમિકા

ગુજરાતી સાહિત્યના અભ્યાસ દરમ્યાન વિવિધ સ્વરૂપો, એની વિવિધ તરાહોમાંથી પસાર થવાનું બન્યું. અભ્યાસ દરમ્યાન સાહિત્ય સંશોધન, લોકસાહિત્ય અને દલિત સાહિત્ય મારા રસના વિષયો રહ્યા છે. અવારનવાર દલિત સાહિત્યની કૃતિઓમાંથી પસાર થવાનું બન્યું. પરિણામ સ્વરૂપે આ જ વિષયમાં પીએચ. ડી. કરવાનો વિચાર પ્રબળ બન્યો. દલિત સાહિત્યમાં પણ ટૂંકી વાર્તા તરફ મને વિશેષ આકર્ષણ રહ્યું છે.

ટૂંકી વાર્તાઓમાં જીવનની વિરૂપતા, ભૂખ, દુઃખ, અન્યાય, અત્યાચાર અને વિદ્રોહ તારસ્વરે રજૂ થયાં છે. સામાજિક દષ્ટિકોણ એના સંવાદોમાં અવારનવાર જોવા મળે છે. આ બધા પ્રશ્નોને આજનો વાર્તાકાર કઈ રીતે જુએ છે એની તપાસ કરવા માટે મેં ચાર વાર્તાકારોના વિશેષ સંદર્ભે ગુજરાતી દલિત ટૂંકી વાર્તાનો સમીક્ષાત્મક અભ્યાસ હાથ ધર્યો.

Scanned with
CamScanner

## પ્રકરણ 1: ભૂમિકા

પ્રસ્તુત પ્રકરણમાં દલિત સાહિત્યની ભૂમિકારૂપ ચર્ચા કરી છે. દલિત સાહિત્ય માત્ર દલિતોનું જ નહીં પણ સમગ્ર સમાજને સ્પર્શે, સમગ્ર સમાજ એને સમજે, એમાં વ્યક્ત થયેલ સંવેદનાથી છેવાડાનો માણસ રસતરબોળ થાય અને સર્વસ્વીકૃત થાય એવી ભાવના વ્યક્ત કરેલ છે. આ પ્રકરણમાં 'દલિત', દલિત સાહિત્ય, સંજ્ઞા, વિભાવના, દલિત સાહિત્યનાં લક્ષણો, દલિત આંદોલન, દલિત સાહિત્યને ઘડનારાં પરિબળોની ચર્ચા કરવામાં આવી છે.

આ પ્રકરણમાં દલિત સાહિત્યનું પ્રયોજન, સામાજિક દ્દષ્ટિકોણ ઇત્યાદિ પાસાંઓની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે.

## પ્રકરણ 2: ગુજરાતી દલિત ટૂંકી વાર્તા

આ પ્રકરણમાં ગુજરાતી દલિત ટૂંકી વાર્તાએ કેવો અને કેટલો વિકાસ સાધ્યો છે એની ચર્ચા કરીને ગુજરાતી દલિત ટૂંકી વાર્તાની ગતિવિધિને તપાસી છે.

ગુજરાતી વાર્તાસાહિત્ય ક્ષેત્રે ગુજરાતી દલિત વાર્તાકારોએ જે પ્રદાન કર્યું છે એની સાથે આ ક્ષેત્રમાં કેવાં કેવાં સર્જનો પ્રાપ્ત થયાં છે એની નોંધ લીધી છે. ગુજરાતી દલિત વાર્તાસાહિત્યમાં નોંધપાત્ર પ્રદાન કરનાર સર્જકો જોસેફ મેકવાન, પ્રવીણ ગઢવી, દલપત ચૌહાણ, બી. કેશરશિવમ્, મોહન પરમાર, હરીશ મંગલમ્, ભી. ન. વણકર, ધરમાભાઈ શ્રીમાળી, દશરથ પરમાર, રાઘવજી માધડ, ચંદ્રાબેન શ્રીમાળી, વિઠ્ઠલરાય શ્રીમાળી, રમણ વાઘેલા, સંજય ચૌહાણ, અમૃત મકવાણા, મૌલિક બોરીજા, માવજી મહેશ્વરી જેવા વાર્તાકારોને આધારે ગુજરાતી દલિત વાર્તાની છબી કેવી ઉપસે છે એની તપાસ કરી છે.

## પ્રકરણ 3: ભી. ન. વણકરની વાર્તાઓ : વસ્તુ અને કલાપક્ષ

પ્રસ્તુત પ્રકરણમાં ભી. ન. વણકરની દલિત ટૂંકી વાર્તાઓને આધારે ગુજરાતી વાર્તાક્ષેત્રે એમની વાર્તાઓનું વસ્તુ અને કલાપક્ષને ધ્યાનમાં રાખીને એમણે કરેલા પ્રદાનને મૂલવવાનો પ્રયત્ન કર્યો છે.

Scanned with CamScanner

ભી. ન. વણકરની વિલોપન, વતન, ગોરું ચંદન, કાળી ટીલી, હરિ ઓમ શરણ, લક્ષ્મણરેખા, પૂર્વજોપનિષદ્, વંટોળ ઈત્યાદિ વાર્તાઓમાં દલિત, પીડિત, શોષિત સમાજની વાસ્તવિક છબિ જોવા મળે છે એની નોંધ લઈને એમની વાર્તાનાં પાત્રો, પ્રસંગો, પરિવેશ, ભાષાકર્મ ઈત્યાદિ કલાકીય ધોરણોમાંથી કેવી રીતે પાર ઊતરે છે એની ચર્ચા કરી છે. આ સર્જકની વાર્તાઓનું વસ્તુ ઘણી જગ્યાએ ઉત્તર ગુજરાતની બોલીથી વધુ વાસ્તવદર્શી બની રહે છે. ઘણી જગ્યાએ બોલીનો પ્રયોગ પાત્રોના મનોજગતને ઉપસાવવામાં કામિયાબ બની રહે છે. પાત્રોનાં વર્તન, સમસામયિક ઘટનાઓ, સ્થળકાળ આદિને આ વાર્તાકાર તટસ્થભાવે આલેખે છે એની અહીં નોંધ લીધી છે. કહેવત–રૂઢિપ્રયોગોનો ઉપયોગ, ઘટનાની વાસ્તવદર્શી રજૂઆત, પ્રતીકાત્મક અભિવ્યક્તિ વગેરેની આ પ્રકરણમાં ચર્ચા કરી છે.

**પ્રકરણ 4: ધરમાભાઈ શ્રીમાળીની વાર્તાઓ : વસ્તુ અને કલાપક્ષ**

સાંપ્રત સમયમાં ગુજરાતી દલિત ટૂંકી વાર્તાક્ષેત્ર પ્રવૃત્ત વાર્તાકારોમાં ધરમાભાઈ શ્રીમાળીનું પ્રદાન કેવું રહ્યું છે એની 'સાંકળ', 'નરક', 'રવેશ', 'ઝાંખરું' જેવા વાર્તાસંગ્રહોને આધારે અભ્યાસલક્ષી ચર્ચા કરી છે. સર્જકની દલિત ટૂંકીવાર્તાઓનું વસ્તુ દર્શાવીને એનો કલાપક્ષ કેવો છે તેની ચર્ચા કરી છે. એમની વાર્તાઓમાં નિરૂપાયેલા દલિત સમાજના પ્રશ્નો, પરિવેશ, બોલી એમ વિવિધ પાસાંને ધ્યાનમાં રાખીને અભ્યાસ કર્યો છે. એમની વાર્તાઓમાં અસ્પૃશ્યતાનો પ્રશ્ન, જાતીય શોષણની સમસ્યા, એની કલાત્મક અભિવ્યક્તિ વગેરેને નજર સમક્ષ રાખીને અભ્યાસલક્ષી ચર્ચા કરેલ છે.

**પ્રકરણ 5: દશરથ પરમારની વાર્તાઓ : વસ્તુ અને કલાપક્ષ**

દશરથ પરમારના વાર્તાસંગ્રહોમાંથી પસાર થતા આ સર્જકનો સાંપ્રત સમયગાળાના એક ઉત્તમ વાર્તાકાર તરીકે ઉત્તરોત્તર થતો વિકાસ સ્પષ્ટ જોઈ શકાય છે.

આ પ્રકરણમાં દશરથ પરમારની ગુજરાતી દલિત ટૂંકી વાર્તાઓને ધ્યાનમાં રાખીને અભ્યાસ કરવાનો પ્રયત્ન કર્યો છે. સર્જકની વાર્તાઓનું કથાવસ્તુ અને એનો કલાપક્ષ કેવો રહ્યો છે એની ચર્ચા કરી છે. આ સર્જક દલિતોની સમસ્યાને પ્રતીકાત્મક રૂપે નિરૂપે છે એની નોંધ લઈને જાતિભેદ, પાત્રોચિત ભાષા, પરિવેશચિત્રણ, અભિવ્યક્તિ અને પ્રયુક્તિ, સહજ ભાષા ઈત્યાદિ મુદ્દાઓને આધારે વાર્તાની તપાસ કરી છે.

Scanned with CamScanner

વાર્તાઓમાં ઉક્ત ચાર વાર્તાકારોની વાર્તાઓનું કેવું સ્થાન છે તેમજ આ ચારે વાર્તાકારોના વિશેષો એમના સર્જનમાં કેવી રીતે પ્રગટ્યા છે એ દર્શાવવાનો પ્રયત્ન કર્યો છે.

અંતે પરિશિષ્ટમાં ચાર વાર્તાકારોની મુલાકાત અને પુસ્તક, સામયિક, કર્તાનામ, કૃતિનામ ઇત્યાદિની સૂચિ મૂકવામાં આવી છે.

સ્થળ : વડોદરા

તારીખ : 06-04-2018

રજૂ કરનાર

(જે. કે. ઉમરેઠિયા)

માર્ગદર્શક

ડો. કાન્તિલાલ માલસતર

અધ્યક્ષ,

ગુજરાતી વિભાગ

HEAD
DEPARTMENT OF GUJARATI
FACULTY OF ARTS,
THE M.S.UNIVERSITY OF BARODA
VADODARA. - 390002.

06.04.2018

ડીન,

ફેકલ્ટી ઓફ આર્ટ્સ

DEAN
FACULTY OF ARTS
The M.S.University of Baroda
Vadodara-390002.

CS Scanned with CamScanner